પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૬ | ૨૮ માર્ચ, ૨૦૧૭, મંગળવાર ; ફાગણ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### ભારતને તીરંદાજીમાં ગોલ્ડમેડલ



તીરંદાજીમાં અમન સૈની, શિવાંસ અવસ્થી અને રોબર્ટસિંહની ટીમે એશિયા કપ વર્લ્ડ રેન્કિંગ ટુર્નામેન્ટમાં કમ્પાઉન્ડ ટીમની સ્પર્ધામાં સુવર્ણપદક મેળવ્યું હતું.

### આપના ધારાસભ્ય વેદપ્રકાશ ભાજપમાં સામેલ

દિલ્હીમાં એમસીડીની ચૂંટણી



આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં આમ આદમી પાર્ટીને આજે મોટો ફટકો પડ્યો હતો કારણ કે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય વેદપ્રકાશ ભાજપમાં સામેલ થઈ ગયા છે. ભાજપમાં વેદપ્રકાશ સામેલ થતા અનેક મુદ્દા ઉપર વાત કરી હતી. ભાજપમાં જોડાયા બાદ વેદ પ્રકાશે જણાવ્યું હતું કે, હું આમ આદમી પાર્ટીમાં ગુંગળામણ અનુભવી રહ્યો હતો.

# કલ્યાણ યોજનાઓ માટે આધારકાર્ડ જરૂરી નહીં : સુપ્રીમ

## સુપ્રિમ કોર્ટ દ્વારા અતિ મહત્વપૂર્ણ ફેંસલો આપવામાં આવ્યો : આધારકાર્ડને ફરજિયાત કરવા માટેના કેન્દ્ર સરકારના નિર્ણયને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરતી વેળા મહત્વપૂર્ણ ચુકાદો



નવી દિલ્હી,તા. ૨૭

મોટાભાગની કલ્યાણકારી સ્કીમો માટે આધારકાર્ડને ફરજિયાત કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયને સુપ્રિમ કોર્ટે આજે અયોગ્ય ગણાવીને દુરગામી ચુકાદો આપ્યો હતો. સુપ્રિમ કોર્ટે આધારકાર્ડને ફરજિયાત કરવાના નિર્ણય સામે દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી ચલાવતી વેળા આ મુજબનો આદેશ આપ્યો હતો. ચીફ જસ્ટીસ જેએસ ખેહરના નેતૃત્વમાં બેંચે આ મુજબનો આદેશ કર્યો હતો. આ બેંચમાં જસ્ટીસ એનવી રમન્ના અને ડીવાય ચંદ્રચુડ પણ હતા. સુપ્રિમ કોર્ટના આજના નિર્ણયને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે કારણ કે હાલમાં કેન્દ્ર સરકાર દ્વારા મોટાભાગની કલ્યાણ યોજનાઓનો લાભ લેવા માટે આધારને ફરજિયાત બનાવવાની સૂચના જારી કરવામાં આવી હતી. આધારને ફરજિયાત કરવાનાં કેન્દ્ર સરકારનાં નિર્ણયની સામે દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી ચલાવતી વેળા સુપ્રીમ કોર્ટે આ મુજબનો આદેશ કર્યો હતો. સુપ્રીમે કહ્યું હતું કે, સરકાર પોતાની કલ્યાણકારી યોજનાઓનાં લાભ આપવા માટે આધારને

● અનુસંધાન પાન-૭ પર

# શિવસેના સાંસદના મામલે લોકસભામાં હોબાળો

## એરલાઈન્સના પ્રતિબંધને ઉઠાવી લેવા માંગણી : શિવસેનાના સભ્યોની માંગણીને લઈને સરકાર તરફથી પ્રતિસાદ ન મળ્યો : ખરાબ વર્તનનો ચલાવી લેવાશે નહીં



નવી દિલ્હી, તા.૨૭

શિવસેનાના સાંસદર રવિન્દ્ર ગાયકવાડ દ્વારા એર ઈન્ડિયાના સ્ટાફને માર મારવાનો મુદ્દો આજે લોકસભામાં છવાઈ ગયો હતો. એકબાજુ તેમની પાર્ટીના સભ્યોએ રવિન્દ્ર ગાયકવાડ ઉપર મુકવામાં આવેલા પ્રતિબંધને દુર કરવાની માંગણી કરી હતી. જોકે શિવસેનાને સરકાર તરફથી કોઈ સારો પ્રતિસાદ મળ્યો ન હતો. સરકારે એરલાઈન્સ દ્વારા લેવામાં આવેલા પગલાંને યોગ્ય ગણાવીને શિવસેનાની માંગણીને ફગાવી દીધી હતી. શાસક ભાજપ પાર્ટીના સાથી પક્ષ શિવસેનાના સભ્યોએ ગૃહમાં ભારે હોબાળો મચાવ્યો હતો. એક વખતે કોંગ્રેસના સભ્યો સાથે તેમની ઉગ્ર

● અનુસંધાન પાન-૭ પર

# ભારતને ટેસ્ટ શ્રેણી જીતવાની સુવર્ણ તક

## ઓસ્ટ્રેલિયા બીજા દાવમાં ૧૩૭માં ઓલઆઉટ : જીતવા માટેના ૧૦૬ રનના લક્ષ્યાંકની સામે ભારતના વિના વિકેટે ૧૯ રન આજે ટેસ્ટ મેચના ચોથા દિવસે જીતની ઔપચારિકતા લંચ પૂર્વે પૂર્ણ કરાશે



ધર્મશાળા,તા. ૨૭

ધર્મશાળાના હિમાચલપ્રદેશ ક્રિકેટ એસોસિએશન મેદાન ખાતે રમાઈ રહેલી ચોથી ટેસ્ટ મેચમાં ભારતે જીતવા માટેની સ્થિતિ સર્જી લીધી છે. આજે ચોથા દિવસે ભારતીય બોલરોએ જોરદાર દેખાવ કર્યો હતો. જેના લીધે ઓસ્ટ્રેલિયન ટીમ તેના બીજા દાવમાં માત્ર ૧૩૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી ઉમેશ યાદવ, રવિન્દ્ર જાડેજા અને રવિચંદ્ર અશ્વિને ત્રણ ત્રણ વિકેટ ઝડપી હતી. ઓસ્ટ્રેલિયા તરફથી બીજા દાવમાં તમામ બેટ્સમેન ફલોપ રહ્યા હતા. મેક્સવેલે સૌથી વધુ ૪૫ રન કર્યા હતા પરંતુ બાકીના બેટ્સમેનો ફલોપ રહ્યા હતા. ડેવિડ વોર્નર સમગ્ર શ્રેણીમાં અપેક્ષા કરતા ખૂબ નબળો રહ્યો છે. વોર્નર માત્ર છ રન કરીને આઉટ થયો હતો. તે પ્રથમ ઈનિંગ્સમાં ૫૬ રન બનાવી શક્યો હતો પરંતુ લાંબી ઈનિંગ્સ રમવામાં આ શ્રેણીમાં તે નિષ્ફળ ગયો છે. આજે ઓસ્ટ્રેલિયા તેના બીજા દાવમાં ૧૩૭ રન બનાવીને ઓલઆઉટ થઈ ગયા

● અનુસંધાન પાન-૭ પર









# રાજ્યભરમાં ગરમીનો પ્રકોપ

## આગામી ૪૮ કલાક માટે તીવ્ર હિટવેવની ચેતવણી હવામાન દ્વારા જારી : બપોરે રસ્તાઓ સુમસામ બની ગયા : ડીસામાં ૪૩.૪ ડિગ્રી

અમદાવાદ, તા.૨૭

તીવ્ર હિટવેવની ચેતવણી વચ્ચે ગુજરાતમાં ગરમીનો પ્રકોપ શરૂ થઈ ચુક્યો છે. મહત્તમ તાપમાનમાં એકાએક તીવ્ર વધારો નોંધાતા લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. આગામી ૪૮ કલાકમાં હિટવેવની ચેતવણી જારી કરવામાં આવી હોવાથી મહત્તમ તાપમાનમાં વધારો થઈ શકે છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન વધીને ૪૨.૮ ડિગ્રી સુધી પહોંચ્યું હતું. જ્યારે રાજ્યના અનેક ભાગોમાં તો પારો ૪૩ થી પણ ઉપર પહોંચી ગયો છે. રાજ્યના જે ભાગોમાં પારો ૪૩ ડિગ્રીથી પણ ઉપર પહોંચ્યો છે તેમાં ડીસા, ગાંધીનગર, અમરેલી, સુરેન્દ્રનગરનો

● અનુસંધાન પાન-૭ પર


**જોઈએ છે**

ઓથોરાઈઝ્ડ સર્વીસ સેન્ટર માટે, એ.સી. રીપેરીંગ માટે માણસો, ગાંધીનગર જિલ્લા માટે

૯૯૭૯૮ ૮૩૧૪૭

